e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 310
March 30, 2012



## "સ્ટોપ ટીબી ઈન માય લાઈફ ટાઈમ" સુત્ર આધારિત વિશ્વ ક્ષય દિન–૨૦૧૨ નિમિતે લોક જાગૃતિ અર્થે રેલી

"વિશ્વ ક્ષય દિન" નિમિતે લોકોમાં ટીબી અને ડોટસની સારવાર પધ્ધતિ અંગે જાગૃતિ અને જાણકારી ફેલાય તે માટે સુરત મહાનગરપાલિકાના આર.એન.ટી.સી.પી. વિભાગના વડા ડો.કે.એન.શેલડીયા ધ્વારા એક રેલીનું આયોજન તા.૨૨/૦૩/૨૦૧૨ના રોજ કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૩/૧૨ થી તા.૨૫/૦૩/૧૨ દરમ્યાન "મેયર્સ કપ" ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર્સ ટીમ, કમિશ્નર ટીમ, સુરત શહેર પત્રકાર સંઘ, કોહ પ્રેસ રીપોટર્સ ટીમ તથા પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલ ટીમનો સમાવેશ કરી હરિક્રૃષ્ણ ગૃપના સહયોગથી "મેયર્સ કપ" ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા.૨૪/૦૩/૨૦૧૨ થી તા.૨૫/૦૩/૨૦૧૨ દરમ્યાન હરિક્રૃષ્ણ કેમ્પસ, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સ્ટોપ ટીબી ઈન માય લાઈફ ટાઈમ" સુત્ર આધારિત વિશ્વ ક્ષય દિન–૨૦૧૨ નિમિતે લોક જાગૃતિ અર્થે રેલી



"વિશ્વ ક્ષય દિન" નિમિતે લોકોમાં ટીબી અને ડોટસની સારવાર પધ્ધતિ અંગે જાગૃતિ અને જાણકારી ફેલાય તે માટે સુરત મહાનગરપાલિકાના આર.એન.ટી.સી.પી. વિભાગના વડા ડો.કે.એન.શેલડીયા ધ્વારા એક રેલીનું આયોજન તા.૨૨/૦૩/૨૦૧૨ના રોજ કરવામાં આવેલ હતું. સદર રેલીનું પ્રસ્થાન સુરત મહાનગરપાલિકાનાં મા.મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ ધ્વારા લીલી ઝંડી બતાવીને સુરત રેલ્વે સ્ટેશન ખાતેથી કરાવડાવ્યું હતું. આ રેલીમાં મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ, ડે.મેયર શ્રીમતી વર્ષાબેન રાણા, કોર્પોરેટર ડો.રવિન્દ્ર પાટીલ, શ્રી દયાશંકર એસ.સિંહ તેમજ સુરત મહાનગરપાલિકાના ઈ.ચા.ડે.કમિશ્નર(હે.અને હો.) ડો.હેમંતભાઈ દેસાઈ,નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી, ફેમીલી પ્લાનીંગનાં ડો.અરૂણાબેન પટેલ, સાપકુના ડો.સોંધરવા તથા સેન્ટ્રલ ઝોનના ચીફ શ્રી મોહનભાઈ દારૂવાલા તેમજ ઝોનલ અધિકારીશ્રી પરમાર સાહેબ, સુરત મહાનગરપાલિકાના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરશ્રીઓ, આર.એન.ટી.સી.પી.ના તમામ એમ.ઓ.ટી.સી. તથા આર.એન.ટી.સી.પી.નો તમામ સ્ટાફ તેમજ એસટીડી પ્રોજેકટના કાઉન્સેલરો સદર રેલીમાં ઉપસ્થિત રહયા હતા. આઈએમએ–સુરતના પ્રેસીડેન્ટ ડો.નરેન્દ્ર જરીવાલા અને ડો.રમણભાઈ પરમાર પણ આ રેલીમાં હાજર રહયા હતા. રેલીના અંતે સુરત મહાનગરપાલિકાના સીટી ટીબી ઓફિસર ડો.કે.એન.શેલડીયા સાહેબે રેલીમાં હાજર રહેનાર તમામ મહાનુભાવોનો આભાર માન્યો હતો અને જે વ્યકિતને બે અઠવાડીયા અથવા વધુ સમયથી ખાંસી આવતી હોય તો શહેરી આરોગ્ય કેન્દ્રો ઉપર બે ગળફાની વિના મૂલ્યે તપાસ કરાવડાવવાની સલાહ આપી હતી. અંતે મેયરશ્રી રાજુભાઈ દેસાઈએ પણ હાજર રહેલ મીડીયા સમક્ષ ડોટસ અને ટીબીની સારવાર માટેનો સંદેશો આપ્યો હતો. અંતમાં સુરત શહેરના તમામ "પ્રાઈવેટ પ્રેકટીશનર ડોકટરો" પણ ટીબી માટે બે ગળફાની તપાસ અને ટીબી જણાય તો તેમના દર્દીને ડોટસની જ સારવાર પધ્ધતિ અપાવે એવી અપીલ ડો.કે.એન.શેલડીયા ધ્વારા કરવામાં આવી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૩/૧૨ થી તા.૨૫/૦૩/૧૨ દરમ્યાન "મેયર્સ કપ" ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



સુરત મહાનગરપાલિકા દ્વારા મેયર્સ ટીમ, કમિશ્નર ટીમ, સુરત શહેર પત્રકાર સંઘ, કોહ પ્રેસ રીપોટર્સ ટીમ તથા પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલ ટીમનો સમાવેશ કરી હરિક્રૂષ્ણ ગૃપના સહયોગથી "મેયર્સ કપ" ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા.૨૪/૦૩/૨૦૧૨ થી તા.૨૫/૦૩/૨૦૧૨ દરમ્યાન હરિક્રૂષ્ણ કેમ્પસ, વરાછા રોડ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મહાનગરપાલિકાની વહીવટી પાંખ, ચુટાયેલી પાંખ, પત્રકાર સંઘ ટીમ, કોહ પ્રેસ રીપોટર્સ ટીમ, પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલના પ્રતિનિધિની ટીમે ભાગ લીધો હતો.

પ્રથમ મેચ તા.૨૪/૦૩/૨૦૧૨ના રોજ બપોરે ૩.૩૦ કલાકે પત્રકાર સંઘ ટીમ અને કોહ પ્રેસ રિર્પોટર્સ ટીમના ખેલાડીઓ વચ્ચે રમાઈ હતી. પત્રકાર સંઘની ટીમે ટોસ જીતી બેટીંગ પસંદ કરી હતી. જેઓએ ૨૦ ઓવરમાં એક વિકેટના ભોગે ૨૩૮ રન કર્યા હતા. જેમાં સંજય વૈરાગીએ ૫૭ બોલમાં ૧૫ ચોગ્ગા અને ૩ સિકસર સાથે ૧૦૧ રન કર્યા હતા. વિનોદ જૈનએ ૭૯ બોલમાં ૧૩ બાઉન્ડ્રી સાથે ૮૨ રન કરી અણનમ રહયા હતા. તેની સામે કોહ પ્રેસ રીપોટર્સની ટીમનો દાવ ૧૧૧ રનમાં સમાપ્ત થયો હતો. જેમાં નૈષધ મોદી ૪૫ બોલમાં ૩ બાઉન્ડ્રી અને ૨ સીકસર સાથે ૩૯ રન કર્યા હતા. પત્રકાર સંઘની વતી શ્રી રાજુ આમલીવાલા અને પરિમલ ચાસીયાએ ત્રણ–ત્રણ ઓવરમાં અને ૧૧ અને ૧૬ રન આપી ત્રણ–ત્રણ વિકેટ ઝડપી હતી. આમ સુરત શહેર પત્રકાર સંઘની ટીમનો ૧૨૭ રને વિજય થયો હતો.

ટુર્નામેન્ટની બીજી મેચ સાંજે ૭.૦૦ કલાકે પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલ ટીમ અને મેયર્સશ્રીની ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલ ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ લીધી હતી. તેઓએ ૨૦ ઓવરમાં ૬ વિકેટના ભોગે ૯૯ રન કર્યા હતા. મેયર્સશ્રીની ટીમ વતી શ્રી યશોધરભાઈ દેસાઈએ ૪ ઓવરમાં ૮ રન આપી ૨ વિકેટ અને શ્રી પ્રવિણભાઈ પટેલએ ૪ ઓવરમાં ૧૫ રન આપી ૧ વિકેટ લીધી હતી. પ્રેસ ફોટોગ્રાફર અને ચેનલ ટીમની સામે મેયર્સશ્રીની ટીમએ ૧૧.૩ ઓવરમાં ૨ વિકેટે ૧૦૩ કરી વિજય મેળવ્યો હતો. જેમાં શ્રી પ્રવિણભાઈ પટેલએ ૩૫ બોલમાં ૫ બાઉન્ડ્રી સાથે ૩૪ રન અને શ્રી યશોધર દેસાઈએ ૩૬ બોલમાં ૫ ચોગ્ગા સાથે ૪૪ રન કરી નોટઆઉટ સાથે ટીમને વિજય અપાવ્યો હતો.

**Continue**

તા.૨૫/૦૩/૨૦૧૨ના રોજ બપોરે ૩.૩૦ કલાકે ''મેયર્સ કપ'' ટુર્નામેન્ટની પ્રથમ મેચની વિજેતા ટીમ સુરત શહેર પત્રકાર સંઘ અને કમિશનર ટીમ વચ્ચે રમાયેલ મેચમાં કમિશનર ટીમે ટોસ જીતી પત્રકાર સંઘની ટીમને બેટીંગ આપતાં તેમણે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૧૬ રન કર્યા હતા. જેમાં ભાવિન પટેલએ ૧૮ બોલમાં ૩ બાઉન્ડ્રી અને ૨ સિકસર સાથે ૩૬ રન કર્યા હતા. જયારે કમિશનર ટીમ વતી શ્રી જગદીશ સેલરએ ૪ ઓવરમાં ૩૧ રન આપી ૪ વિકેટ અને શ્રી યોગેશભાઈ પટેલે ૪ ઓવરમાં ૧૮ રન આપી ૨ વિકેટ ઝડપી હતી. આ



ટાર્ગેટને કમિશનર ઈલેવનની ટીમે ૧૬.૧ ઓવરમાં ૩ વિકેટના ભોગે ૧૧૭ રન કરી વિજય હાંસલ કર્યો હતો. જેમાં શ્રી ડી.સી.પોપાવાલાએ ૩૦ બોલમાં ૪ ચોગ્ગા સાથે ૩૨ રન કરી અણનમ રહયા હતા. આમ કમિશનર ટીમનો ૭ વિકેટે વિજય થયો હતો.

''મેયર કપ'' ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૨ની ફાઈનલ મેચ મેયરશ્રી ઈલેવન અને કમિશનરશ્રી ઈલેવન વચ્ચે સાંજે ૭.૩૦ કલાકે શરૂ થઈ હતી. જેમાં મેયરશ્રી ઈલેવને ટોસ જીતી પ્રથમ દાવ લઈ ૨૦ ઓવરમાં ૮ વિકેટના ભોગે ૯૨ રન કર્યા હતા. જેમાં શ્રી મનોજભાઈ લોટવાળાએ ૪૨ બોલમાં ૪ બાઉન્ડ્રી સાથે ૩૩ રન અને શ્રી સતીષભાઈ કે. પટેલએ ૩૫ બોલમાં ૨ ચોગ્ગા સાથે ૨૨ રન કર્યા હતા. જયારે કમિશનરશ્રીની ટીમ વતી શ્રી દિનેશ પટેલએ ૪ ઓવરમાં ૭ રન આપી ૩ મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. તેની સામે કમિશનરશ્રી ઈલેવને ૧૭.૧ ઓવરમાં ૧ વિકેટ ગુમાવી ૯૩ રન કરી ટુર્નામેન્ટમાં વિજય કપ મેળવ્યો હતો. જેમાં શ્રી જતીનભાઈ દેસાઈએ ૫૭ બોલમાં ૧ ચોગ્ગા સાથે ૩૦ રન કરી અણનમ રહયા હતા. જેઓ મેન ઓફ ધ મેચ ઘોષિત થયા હતા.

આ ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ સીરીઝ પત્રકાર સંઘની ટીમના શ્રી સંજયભાઈ વૈરાગી, બેસ્ટ બેસ્ટમેનશ્રી મનોજભાઈ લોટવાલા, બેસ્ટ બોલરશ્રી દિનેશભાઈ પટેલ, બેસ્ટ ફિલ્ડરશ્રી રાજેશ જોળીયા ઘોષિત થયા હતા.

દર ટુર્નામેન્ટમાં મા.મેયરશ્રી રાજુભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, ડે. મેયરશ્રીમતિ વર્ષાબેન રાણા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી દયાશંકરસિંગ, હરિકૃષ્ણ ગૃપના શ્રી સવજીભાઈ ધોળકિયા, શ્રી તુલસીભાઈ ધોળકિયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. હરીકૃષ્ણ ગૃપ દ્વારા સંપૂર્ણ ટુર્નામેન્ટમાં ફ્લડલાઈટ સાથેનું ગ્રાઉન્ડ સહિતની તમામ સુવિધાઓ પૂરી પાડી હતી.

TOP